
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



દક્ષાબેન ઉપમન્યુ ભટ્ટ (૧૯૪૪) ફોન: ૨૩૨ ૨૧૩૭૪



પ્રહ્‌લાદભાઈ મફતલાલ જાની (૧૯૩૫) મો.૮૧૪૦૪૮૯૦૧૮



લાલજીભાઈ રાજગુરૂ (૧૯૩૩) ફોન: ૨૩૨ ૨૭૦૬૬

### ગુજરાત સાથેનો મારો નાતો અતૂટ છે : પ્રણવ

# રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મમતાનું સમર્થન મળશે : પ્રણવને આશા

**ભારતમાં રાષ્ટ્રપતિનો બંધારણીય હોદ્દો, તે પોલીસી મેકર નથી એટલે વિદેશની જેમ ટીવી ડીબેટની કોઈ જરૂર નથી**

અમદાવાદ, તા.૫

રાષ્ટ્રપતિપદના ઉમેદવાર માટે મને જેડીયુ સમાજવાદી પક્ષ, બીએસપી, શિવસેના, સીપીઆઈએમ ફોરવર્ડ બ્લોક, પીડીપી સહિતના પક્ષોએ સમર્થન જાહેર કર્યું છે. તૃણમૂલ કોંગ્રેસના મમતા બેનરજીનું પણ સમર્થન મળશે એવો વિશ્વાસ છે. જો કે તૃણમૂલ કોંગ્રેસે કંઈ નક્કી કર્યું નથી. તા. ૧૯મી જુલાઈએ ચૂંટણી છે ત્યાં સુધીમાં મમતાજી નિર્ણય લઈ લેશે તેમ યુપીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર પ્રણવ મુખરજીએ આજે અમદાવાદમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

ગુજરાત કોંગ્રેસ-એનસીપીના ધારાસભ્યો તેમજ સાંસદોના સમર્થન મેળવવા માટે હું ગુજરાતની મુલાકાતે આવ્યો છું. અન્ય એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે મને ઘણું બધું આપ્યું છે. મેં ક્યારેય કોઈ પદ કે હોદ્દાનો મોહ કર્યો નથી. દેશનું સર્વોચ્ચપદ મને મળી રહ્યું છે. એનાથી હું ખૂબ જ ખુશ છું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, મારા રાજકીય કાર્યકાળ દરમિયાન મેં કેન્દ્ર સરકાર, પાર્લામેન્ટ કે પક્ષ વતી પત્રકારોને સંબોધન કર્યું છે. આજે હું મારા પોતાના સમર્થન માટે હું અહીં આવીને તમને સંબોધી રહ્યો છું. ૧૯૮૦ના દાયકામાં



ગુજરાતમાંથી રાજ્યસભામાં ચૂંટાઈને નાણામંત્રી બન્યો હતો. ગુજરાત સાથેનો મારો નાતો અતૂટ છે.

પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે, વિદેશમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટી.વી. ડીબેટ થાય છે કારણ કે ત્યાં લોકો દ્વારા રાષ્ટ્રપતિને ચૂંટવામાં આવે છે. રાષ્ટ્રપતિ દેશની પોલીસી ઘડવામાં મેકર હોય છે. જ્યારે ભારતમાં રાષ્ટ્રપતિપદનું પદ બંધારણીય છે. રાષ્ટ્રપતિ દેશની નીતિ ઘડી શકતા નથી. ભારતમાં સાંસદો અને ધારાસભ્યો રાષ્ટ્રપતિને ચૂંટે છે. એટલે અહીંયા રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ટીવી ડીબેટની કોઈ જરૂર નથી.

ભાજપ તમારી ઉમેદવારી સામે ચૂંટણી પંચને રજૂઆત કરવા જવાનું છે એવા એક પ્રશ્નના જવાબમાં પ્રણવ મુખરજીએ નો કોમેન્ટ કહીને પ્રત્યુત્તર ટાળ્યો હતો. અને કહ્યું હતું કે, મોટાભાગના રાજકીય પક્ષોએ મને સમર્થન આપ્યું છે. જેમને હજુ સમર્થન આપ્યું નથી. તેમને પણ હું અપીલ કરું છું તો તેઓ સમર્થન આપશે તો આભારી થઈશ.

ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે પ્રણવ મુખરજીએ કોંગ્રેસ પક્ષમાં આપેલા યોગદાનની સરાહના કરી હતી. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પ્રણવ મુખરજીને પિતાતુલ્ય ગણીને દેશને ગૌરવ થાય એવા રાષ્ટ્રપતિ મળશે તેમ જણાવ્યું હતું. કોંગ્રેસના મિડિયારૂમમાં પ્રદેશ પ્રવક્તા ડો. મનીષ દોશી અને જયંતિલાલ પરમારે સુતરની આંટી પહેરાવીને પ્રણવ મુખરજીનું સ્વાગત કર્યું હતું.

# બાળકો હોય એને ખબર પડે કે બાળક ગૂમ થવાથી શું વીતે

**પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગૂમ થયેલાં બે બાળકોના પરિવારની મુલાકાત લઈને હૃદયદ્રાવક વેદના સાંભળી**

અમદાવાદ, તા.૫

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ તથા મહાગુજરાત જનતા પાર્ટીના પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયા અને મહામંત્રી વિક્રમ ચૌહાણે અમદાવાદના ખોવાયેલાં બાળકોનાં પરિવાર વિશ્વા સુરેશભાઈ પટેલ તથા રોનક નરેન્દ્રભાઈ પંચાલના ઘરે સવારે રૂબર જઈને સાંત્વના આપવા તથા માહિતી મેળવીને તેમના દુઃખમાં મદદરૂપ થવા મુલાકાત લીધી હતી.

આ અગાઉ ગોરધન ઝડફીયાએ ખોવાયેલા બાળકોના પરિવારોને અમદાવાદ પોલીસ કમિશનર સાથે મેળવીને પોલીસ કમિશનરને આ બાળકો ખોવાયા ત્યારથી જે જે હકીકતો અને પરત મેળવી શકાય તેવા કેટલાક મુદ્દાઓ આ પરિવારોએ અઠવાડિયા પહેલા આપ્યા હતા. આ અંગે ઝડફીયાએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને તમામ વિગતોથી વાકેફ કર્યા હતા. અને સમગ્ર બાબતોથી કેશુભાઈ ખૂબ જ વ્યથિત થયા




હતા. અને બાળકોના પરિવારોને રૂબરૂ મેળવવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી. જેથી આજે કેશુભાઈ પટેલે ચિ. વિશ્વા પટેલ અને ચિ. રોનક પંચાલના પરિવારોને મળવા તેમના નિવાસસ્થાને ગયા હતા. શ્રી કેશુભાઈ પટેલે સવારે ૧૦ કલાકે વિશ્વા સુરેશભાઈ પટેલના વેજલપુર ખાતેના નિવાસસ્થાને જઈને તેમના પરિવાર સાથે બેસી તેમની રજૂઆત સાંભળી હતી.

હૃદયદ્રાવક રજૂઆતો સાંભળીને કેશુભાઈએ કહ્યું હતું કે, આ સ્થિતિ અસહ્ય છે હું અને ગોરધનભાઈ તમારી સાથે છીએ. તંત્રને પણ કહીશ. પરંતુ મા-બાપની રજૂઆત સાંભળવામાં ન આવે અને રસ્તામાંથી પોલીસ ડબ્બામાં બેસાડીને લઈ જાય તે ચલાવી લેવાય નહીં. શું આ મુખ્યમંત્રી આવા રજૂઆત કરનારા દુઃખી મા-બાપને આતંકવાદી સમજે છે ? તેઓ બાળકોના ચિત્રો લઈને રેલી કાઢે અને પોલીસ મદદ કરવાના બદલે ધમકી આપે ? આ સરકાર દયાહીન છે તેમ કહીને કલાપીની પંક્તિ કહી હતી કે દયાહીન થયો નૃપ (રાજા) અને રસહીન થઈ ધરા નહીં તો આવું બને જ નહીં. સવારે ૧૧ કલાકે રોનક નરેન્દ્રભાઈ પંચાલના સીટીએમ પાસેના નિવાસસ્થાને કેશુભાઈ પટેલ તથા ઝડફીયા ગયા હતા. અને રોનકના માતાપિતાને મળીને સાત્વના આપી હતી.

## ઈ-વેસ્ટ કાયદાનો અમલ કરવા આદર્શ મોડલ હશે

અમદાવાદ, તા.૫

શહેરમાં ઈ-વેસ્ટ કાયદાનો અસરકારક અમલ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આદર્શન ઈ-વેસ્ટ મોડલ તૈયાર કરાવવામાં આવશે. આ માટે અર્નસ્ટ એન્ડ યંત્ર પ્રાઈવેટ લિમિટેડને કોર્પોરેશન રૂા. ૪૫ લાખ ચુકવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા બહાર પડાયેલા ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ રૂલ્સ ૨૦૧૨ અંતર્ગત ઈ-વેસ્ટના એકત્રીકરણ, સંગ્રહ, પરિવહન, ટ્રીટમેન્ટ અને નિકાલ માટે ઈ-વેસ્ટ મોડલ તૈયાર કરાશે. આ માટેની કાર્યવાહી અર્નસ્ટ એન્ડ યંત્ર પ્રાઈવેટ લિમિટેડને સોંપવામાં આવી છે. આ કંપની બે ફેઝમાં સમગ્ર કાર્યવાહી ૨૪ સપ્તાહમાં પૂર્ણ કરશે. આ કંપની શહેરમાં ઈ-વેસ્ટ કેટલા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. ભારત અને વિદેશમાં પ્રચલિત ઈ-વેસ્ટ કલેક્શન મોડલ અને ટ્રીટમેન્ટ, પ્રોસેસીંગનો રીપોર્ટ તૈયાર કરશે.

## શબ્દાવલી - ૪૭૭૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ■ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| ૭ | ૮ | | ■ | ૯ | | ■ | |
| ૧૦ | | | ■ | ■ | ૧૧ | ૧૨ | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | | |
| ■ | ■ | ૧૬ | | | | | ■ |
| ૧૭ | | | | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | | ■ | ૨૦ | | | |

**આડી ચાવી**

૧. અસર કરે તેવું (૬)
૬. વૃધ્ધાવસ્થાને... પણ કહેવાય (૪)
૭. બાધા, આખડી (૩)
૯. રગ, નસ
૧૦. ભગવાન (૩)
૧૧. તાકાત, હિંમત, શક્તિ (૨)
૧૩. બાણ, તીર (૨)
૧૫. એક સફેદ ફૂલનું વૃક્ષ જેની કળીઓની વેણી સુંદર લાગે (૩)
૧૬. આશ્ચર્ય ચકિત, દિગ્મૂઢ (૩)
૧૭. કકરા, બહુ ઝાડા કે ઝીણા નહિ તેવા (લોટ) (૪)
૧૮. બંધી, કાયદામાં રાખવું (૩)
૨૦. પરતંત્ર (૪)

**ઊભી ચાવી**

૧. અજમાવવું તે (૫)
૨. ગતિ (૪)
૩. મોકલવું, ... કરવું (૩)
૪. હેરાનગતિ (૫)
૫. સ્થિર ના હોય તેવું (૩)
૮. નાશવંત (૩)
૧૨. જોડી, ભાઈબંધી (૫)
૧૪. રખડેલ, ... ભંવર જો હોલે હોલે ગાયે... (૩)
૧૬. કર્મ નો વિરોધી શબ્દ (૩)
૧૭. ડ અને હ અક્ષરની રાશિ (૨)
૧૮. ધાન્ય - કઠોળ વગેરે બગડી ન જાય તે માટે... ની ગોળી નંખાય (૨)
૧૯. રંક, ગરીબ (૨)

### શબ્દાવલી ૪૭૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ફટકાબાજી (૫) નર્સ (૬) નાકામ (૭) વખાર (૯) તરકટ (૧૧) લાલચ (૧૩) ઉતર્યા (૧૪) જાર (૧૬) હામ (૧૭) સોફાસેટ (૨૦) ખનીજ (૨૧) અલગારી

**ઊભી ચાવી :-** (૧) ફનાફાતીયા (૨) ટકા (૩) કામચલાઉ (૪) જીવતચર્યા (૫) નરક (૮) ખાર (૧૦) ટકોર (૧૨) લત (૧૪) જામ (૧૫) તોફાની (૧૬) હાકલ (૧૭) સોખ (૧૮) સેજ (૧૯) લારી

# ગુજરાતના ૨૭ તાલુકાઓમાં વરસાદ : નવસારીમાં ૫ ઈંચ

**છ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ : ગુજરાતભરમાં વરસાદથી ખેડૂતોમાં ખુશી : ૧૩ તાલુકામાં અડધો ઈંચ**

અમદાવાદ,તા.૫

રાજ્યના ૨૭ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઉલ્લેખનીય વરસાદ થયો છે. નવસારીમાં પાંચ ઈંચ વરસાદ થયો છે. રાજ્યના ઈમરજન્સી સેન્ટર પાસેથી મળેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કલ્યાણપુર તાલુકામાં ૪૭ મીમી, માંગરોળમાં ૪૫ મીમી, જલાલપુરમાં ૬૭ મીમી, જસદણમાં ૫૬ મીમી, ચોર્યાસીમાં ૫૭ મીમી, સુરત શહેરમાં ૬૮ મીમી મળીને કુલ છ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત તારાપુર, પાલિતાણા, માળીયા, માણાવદર, પાદરા, વડોદરા અને પારડીમાં ૧ ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત ૧૩ તાલુકાઓમાં અડધો ઈંચ વરસાદ થયો છે. લાંબો સમય રાહ જોવડાવ્યા બાદ છેલ્લા બે દિવસથી રાજ્યભરમાં વરસાદ થઈ રહ્યો છે જેના કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ ઉપરાંત વરસાદને કારણે અમદાવાદનું તાપમાન એક જ દિવસમાં છ ડિગ્રી જેટલું ઘટ્યું છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. બીજી તરફ હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ૨૪ કલાક દરમિયાન કચ્છ સહિત રાજ્યમાં સાર્વત્રીક વરસાદ થશે. હવામાન વિભાગે જણાવ્યું હતુ કે, સામાન્ય રીતે ગુજરાત પર જે વરસાદ વરસે છે તે બંગાળની ખાડીમાંથી આવે છે પરંતુ આ વખતે અરબી સમૃદ્રમાં એક સિસ્ટમ ઉભી થઈ હતી અને જેના કારણે આ વખતે વરસાદ અરબી સમૃદ્રમાંથી આવ્યો છે. આ વખતે અરબી સમૃદ્રની સપાટીથી ૦.૯ કી.મી.એ સર્જાયેલા અપર એર સાયક્લોનીક સર્ક્યુલેશને કારણે સારો વરસાદ થઈ રહ્યો છે અને ૩૬ કલાકમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં ભારેથી અતી ભારે વરસાદ થવાની શક્યતા છે. બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે રાજ્યમાં સર્વત્ર વાવણી શરૂ થઈ ગઈ છે અને પાકને નુકશાન થવાની ભીતી હતી તે પણ ઓછી થઈ ગઈ છે. જેના કારણે ખેડૂતોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે.

## રાષ્ટ્રપતિપદના ઉમેદવાર સંગ્મા પણ આજે પહોંચશે

અમદાવાદ, તા.૫

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા રાજ્યસભાના સાંસદ તેમજ ૧૯ જુલાઈના રોજ યોજાનારી રાષ્ટ્રપતિપદની ચૂંટણીના ગુજરાતના ઈન્ચાર્જ પરસોત્તમ રૂપાલાએ જણાવ્યું છે કે, ભારતની સંસદના પૂર્વ સ્પીકર અને રાષ્ટ્રપતિપદના ઉમેદવા પી. એ. સંગ્મા રાષ્ટ્રપતિપદની ચૂંટણીના પ્રચારાર્થે ગુજરાતમાં તા. ૬ જુલાઈના રોજ પધારશે. તેઓ ગુજરાત વિધાનસભા ખાતે ગુજરાતના ભાજપાના ધારાસભ્યો તેમજ સંસદસભ્યોની બેઠકમાં રાત્રે ૮ કલાકે હાજરી આપશે અને સંબોધન કરશે.

પી. એ. સંગ્માનું બપોરે ૨.૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર આદિવાસી સમાજ દ્વારા પરંપરાગત સ્વાગત કરવામાં આવશે. અમદાવાદ એરપોર્ટ ખાતે સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને તેઓ સહિત મહાનુભાવો પુષ્પાંજલી કરશે. પી. એ. સંગ્મા એરપોર્ટથી એનેક્ષી જશે ત્યાર બાદ ૩.૩૦ કલાકે ગાંધીઆશ્રમના દર્શનાર્થે જશે. ગાંધી આશ્રમથી પી. એ. સંગ્મા ટાગોરહોલ ખાતે બપોરે ૪.૩૦ કલાકે વીરત્વ કી યાદ મેં નામે યોજાનારા કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે ઉપસ્થિત રહેશે અને ટાગોર હોલ ખાતે સાંજે ૬.૦૦ કલાકે પત્રકાર પરિષદને સંબોધન કરશે.

## બ્રીડીંગ મળી આવતાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મેલેરિયા પોઝીટીવના આજે ચાર જેટલા વધુ કેસો મળી આવ્યા છે. શહેરના વિવિધ સેક્ટરોમાંથી મળી આવેલા આ કેસોને પગલે આ વિસ્તારમાં પણ તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્ર દ્વારા આજે મેલેરિયા વિરોધી કામગીરી માટે કામ કરી રહેલ ટીમોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં રોકાણની તકોથી ફ્રાન્સ અને જર્મનની પ્રભાવિત.
- 'ગોડ પાર્ટિકલ' ની શોધ કર્યાનો વૈજ્ઞાનિકોનો દાવો.
- મધ્યપ્રદેશમાં ઇન્દ્રદેવને રીઝવવા માટે દેડકા-દેડકીના લગ્ન કરાવાયા.
- બંગાળની યુવતી સિદ્દીકા (૭ ફૂટ ઉંચાઇ ધરાવતી) દરરોજ ૬ કિલો ભાત આરોગી જાય છે.
- ૧ સપ્તાહમાં શાકભાજી ૬૦ ટકા મોંઘા થયા.
- ગુજરાતમાં ગ્રામીણ ક્ષેત્રે ૧૨ વર્ષનાં ગરીબોની સંખ્યા ૩૯ ટકા વધી.
- નાઇઝીરીયનનું ગુજરાતમાં જબરૂ નેટવર્ક, કરોડોની લોટરી લાગ્યાના એસ.એમ.એસ. કરી રૂપિયા ખંખેર્યા.
- 'વીરત્વ કી યાદે' કાર્યક્રમ - મોદી-સંગમા એકમંચ પર.
- સમગ્ર વિશ્વમાં હવામાન વેરવિખેર... ઠંડી-ગરમી રેકોર્ડબ્રેક.
- રાજકોટમાં સ્કૂલ બસ હેઠલ માસૂમ વિદ્યાર્થીને કચડી નાખનાર ડ્રાઇવરની ધરપકડ કરાયા બાદ જ લાશ સ્વીકારી.
- ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂને રૂપિયા ૯૯,૯૯,૯૯૯/- નું દાન.
- સુરેન્દ્રનગરના રતનપરની ઘટના : માતા પુત્રને કરંટ લાગતાં બચાવવા ગયેલા પાડોશીનું કરંટથી મૃત્યુ... સમગ્ર પંથકમાં અરેરાટી.
- પેન્શનરોએ હયાતીની ખરાઇ ચાલુ માસમાં કરાવી લેવી.
- સૌરાષ્ટ્ર પર ઉતરતી મેઘસવારી, સર્વત્ર ૧ થી ૩ ઇંચ વરસાદ.
- મારી પુત્રી પ્રદર્શનની વસ્તુ નથી : અભિષેક બચ્ચન.
- કાશ્મીરમાં બે દાયકામાં ૨૧ હજાર ત્રાસવાદીઆને મોતને ઘાટ ઉતાર્યા.
- કાજુ-બદામ અને પીસ્તાનું દૂધ આરોગતી પદમણી ઘોડી, કિંમત રૂા. દોઢ કરોડ, સવારીને બદલે આરતી ઉતારાય છે.
- ચોટીલાના કુંભારા ગામે જવેરા પધરાવવા ગયેલી બે પિતરાઇ બહેનો તળાવમાં ગરક.
- હજુ પણ મહિનો મોંઘવારી ઘટશે નહિ, વડાપ્રધાનના આર્થિક સલાહકાર.
- ધાનેરામાં પોલીસ તંત્ર પણ સફાઇ અભિયાનમાં જોડાયું.

## ઝીણવટભરી વિગતો માગતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેલ્થલાઈન, મતદારયાદી માટે મળેલ રજુઆતો, મતદાન મથકો, સંવેદનશીલ મતદાન મથકો સહિતની સંખ્યાબંધ વિગતો માંગી છે. તંત્ર દ્વારા ૨૦૦૨, ૨૦૦૯ માં યોજાયેલી ચૂંટણીના પરિપ્રેક્ષ્યમાં આ બધી વિગતો તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. પંચ દ્વારા મુખ્ય સચિવશ્રી અને રાજ્યના પોલીસ વડા સાથેની બેઠક દરમ્યાન આ બધી બાબતોને લઈ ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

## કોમ્યુનિટી પ્રોજેક્ટને...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વોટર, ટ્રાન્સપોર્ટેશન સહિત આંતર માળખાકીય સુવિધાઓ બાબતે ગુજરાતના અધિકારીઓ ચર્ચા કરશે.

સાણંદમાં તાતાની નેનો કારનો પ્રોજેક્ટ છે. બીજી વિદેશી કારના ઘણાં પ્રોજેક્ટ સાણંદમાં આવી રહ્યાં છે તેથી ઓટોમોબાઈલને લગતી ઔદ્યોગિક વસાહતનું પણ સાણંદમાં આયોજન કરવામાં આવ્યું છે. કંપનીનો ફિઝિબિલીટી રિપોર્ટ તૈયાર છે જેનું પ્રેઝન્ટેશન કર્યા બાદ રાજ્ય સરકાર પ્રોજેક્ટ માટે લીલીઝંડી આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે જાપાનની આ કંપનીએ ૨૦૧૧માં સ્માર્ટ કોમ્યુનિટી પ્રોજેક્ટમાં રસ દાખવીને દરખાસ્ત કરી હતી અને એક વર્ષના ટૂંકાગાળામાં ફિઝિબીલીટી રિપોર્ટ પણ તૈયાર કરી દીધો છે, હવે કંપની તેના પ્રોજેક્ટમાં કામ શરૂ કરવા માગે છે.

## મુલાકાત ટૂંકાવી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરમાં જ મતદાર યાદી સુધારણાની કામગીરીને લઈ રાજકીય પક્ષો સાથે બેઠકો જિલ્લા કક્ષાએ યોજવામાં આવી હતી તેમજ મતદારોના નામો નોંધાવાના રહી ના જાય તે માટે પણ વિશેષ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાર યાદી સુધારણા માટે પંચે ખાસ નિરીક્ષકોની પણ નિયુકતી કરી છે. મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન ચાર તબક્કામાં આ નિરીક્ષકો આવશે અને ૩૧મી ઓગષ્ટે મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ થશે.

પંચ દ્વારા એકાએક તેનો પ્રવાસ કાર્યક્રમ ટુંકાવવાનો નિર્ણય આજે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. જો કે પ્રવાસ ટુંકાવવાના નિર્ણયને લઈ કોઈ સ્પષ્ટતાઓ પંચ તરફથી સત્તાવાર રીતે કરાઈ નથી.

પંચના માહિતગાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પંચની આ સૂચિત મુલાકાત બાદ મતદારયાદી અંગે નિમાયેલા નિરીક્ષકો બીજા તબક્કાના પ્રવાસે ગુજરાત આવશે.

પંચ દ્વારા હાલ ગુજરાતમાં વિધાનસભાની ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે તેમજ અધિકારીઓને જરુરી માર્ગદર્શન પણ આપશે. પંચે ખર્ચ નિરીક્ષક ઉપરાંત એસ.એમ.એસ.થી સમગ્ર કાર્યવાહીનું મોનીટરીંગ કરવા સહિતના કેટલાક મહત્વના નિર્ણયો અને કર્મચારીઓની તાલિમ પર વિશેષ ભાર મુકયો છે એટલું જ નહિ પહેલીવાર જિલ્લા કક્ષાએ પણ ૧૫ જેટલા નોડલ ઓફિસરો નિયુકિત કરવાનો નિર્ણય કર્યો છે. આ નોડલ ઓફિસરો દ્વારા તેમની કામગીરી શું રહેશે તેની પણ તાલિમ આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.